# પરિપત્ર

.ય : ઉત્તરાયણ પર્વ દરમ્યાન તા.૧૦/૦૧/૨૦૧૯ થી તા.૨૦/૦૧/૨૦૧૯ ઘાયલ પશુપક્ષીના સારવાર માટેનું "કરૂણા અભિયાન-૨૦૧૯"

સંદર્ભ : (૧) માન. મંત્રીશ્રી, વન અને પર્યાવરણ ના અધ્યક્ષસ્થાને રાખેલ તા.૨૮/૧૨/૨૦૧૮ ની બેઠક

(૨) અધિક મુખ્ય સચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગનો પત્ર નં. VPS/102018/ 2388 /w તા.૨૯/૧૨/૨૦૧૮

(૩) અગ્ર મુખ્ય વન સંરક્ષક, વન્ય પ્રાણી, ગુજરાત રાજ્યની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક : વપસ /૨૬/બ/૮૯૨૧-૯૦૦૧/ ૨૦૧૮-૧૯ તા. ૧૯/૧૨/૨૦૧૮

દર વર્ષે ઉત્તરાયણના પર્વના સમયગાળા દરમ્યાન નિર્દોષ પક્ષીઓ પતંગની દોરીથી ઘાયલ થવાના સંખ્યાબંધ કિસ્સાઓ બનવા પામે છે. ઘાયલ પક્ષીઓ પ્રત્યે કરૂણા દાખવવા અર્થે પશુપાલન ખાતા દ્વારા ઘવાયેલ પશુપક્ષીઓને આકસ્મિક સારવારની તાત્કાલિક વ્યવસ્થા ઉપલબ્ધ કરાવી નિર્દોષ પશુપક્ષીઓને જીવતદાન મળી રહે તેવા ઉમદા હેતુથી માન. મુખ્યમંત્રીશ્રી દ્વારા ૨૦૧૭ થી કરુણા અભિયાન અંગે ખાસ સારવાર માટે આ પ્રકારનું વ્યવસ્થા તંત્ર ગોઠવવા સુચન થતા ગત વર્ષેની જેમ ચાલુ વર્ષે પણ વન વિભાગ, ગુજરાત રાજ્યના નેજા હેઠળ પશુપાલન વિભાગ, તમામ જીલ્લા કલેક્ટરશ્રીઓ તથા જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓના સંકલનમાં તા.૧૦/૦૧/૨૦૧૯ થી તા.૨૦/૦૧/૨૦૧૯ દરમિયાન (જાહેર રજાના દિવસો સહિત) સવારે ૭-૦૦ કલાક થી સાંજે ૧૮-૦૦ કલાક દરમિયાન રાજ્યમાં એક ખાસ અભિયાન તરીકે ઉત્તરાયણના પર્વ દરમિયાન "કરૂણા અભિયાન-૨૦૧૯" અન્વયે રાજ્યમાં ઘાયલ પશુપક્ષીઓની સારવારનું આયોજન કરવાનું નક્કી કરવામાં આવેલ છે. તે ધ્યાને લઇ ઉત્તરાયણ પર્વના આ સમયગાળા દરમિયાન ઘાયલ પશુપક્ષીઓની સારવાર કરવાનું જરૂરી આયોજન ગોઠવવા અને તે પ્રમાણેની કામગીરી કરવા આથી તમામ સંબંધિત જીલ્લા પંચાયતના નાયબ/મદદનીશ પશુપાલન નિયામકશ્રીઓને જણાવવામાં આવે છે. સદર અભિયાનને સફળ બનાવવા સારૂ પશુપાલન ખાતાની જીલ્લાની અન્ય તમામ યોજનાઓમાં/કચેરીઓમાં ફરજ બજાવતા અધિકારી/કર્મચારીઓનો સહકાર જરૂરિયાત મુજબ મેળવવાનો રહેશે તેમજ આ અભિયાન માટે જીવદયા સંસ્થાઓનો કે પ્રાણી કલ્યાણ સંસ્થાઓનો કે ફોરેસ્ટ ડીપાર્ટમેન્ટનો સહયોગ મેળવવાનો રહેશે. જીલ્લાની અન્ય કચેરીઓ અને સારવાર સંસ્થાઓએ નાયબ/મદદનીશ પશુપાલન નિયામકશ્રી જીલ્લા પંચાયતની સૂચના અને માર્ગદર્શન મુજબ કામગીરી કરવાની રહેશે.

વધુમાં જણાવવાનું કે, સામાન્ય પ્રણાલીગત મુજબ રાજ્યમાં ઉત્તરાયણના પર્વ દરમ્યાન પશુઓને ખાસ કરીને ગાયને ભાવિક લોકો દ્વારા રજકો, લીલોચારો, ઘુઘરી વગેરે વધુ પ્રમાણમાં ખવડાવવાના કારણે પશુઓમાં આફરાના કેસો અવાર-નવાર બનતા હોય છે. આવા પ્રસંગો નિવારવા અંગે લોક જાગૃતિ લાવવા માટે તથા આ પર્વના સમયગાળા દરમ્યાન જીલ્લા પંચાયતની પશુસારવાર સંસ્થાઓ/વેટરનરી પોલીક્લીનીક ખાતે આવા તમામ અસરગ્રસ્ત પશુઓને વિનામુલ્યે તાત્કાલિક યોગ્ય તે સારવાર મળી રહે તેવી ખાસ વ્યવસ્થા ગોઠવવા જણાવવામાં આવે છે.

આ અભિયાન દરમ્યાન નીચે મુજબની સુચનાઓ ધ્યાને લેવા જણાવવામાં આવે છે.

(૧) આ કાર્યક્રમનો જાહેર જનતા બહોળા પ્રમાણમાં લાભ લઇ શકે તે હેતુથી "કરૂણા અભિયાન-૨૦૧૯" અંગે આપની કક્ષાએથી પોસ્ટર્સ તથા પેમ્ફલેટથી બહોળી પ્રસિધ્ધિ મળે તે રીતનું આયોજન કરવા જણાવવામાં આવે છે.

(૨) અત્રેની કચેરીના પત્ર જા.નં. વી/વહટ/૨૦૧૭-૧૮/૨૬૪૭-૮૪/૧૭, તા.૨૦/૦૪/૨૦૧૭ થી જણાવ્યા મુજબ આ પ્રોગ્રામ દરમ્યાન નામ. હાઇકોર્ટના Write Petition (PIL) No. 9/2017 & 12/2017 અન્વયે તા. ૨/૩/૨૦૧૭ના રોજ આપેલ ચુકાદામાં જણાવ્યાનુસાર આદેશનું પણ ચુસ્તપણે પાલન કરવા જણાવવામાં આવે છે. (પીટીશનની નકલ સામેલ છે.)

(૩) દર વર્ષે ઉત્તરાયણ પર્વ દરમ્યાન પશુપાલન ખાતાની પશુસારવાર સંસ્થાઓ દ્વારા ખાસ અભિયાન સ્વરૂપે પતંગની દોરીને કારણે ઘાયલ/ઇજા પામતા પશુપક્ષીઓને સારવાર પુરી પાડવામાં આવે છે. ચાલુ વર્ષે પણ ઉત્તરાયણ પર્વ દરમિયાન આ પ્રકારની સારવાર કરવાનું આયોજન નિયત સમય દરમ્યાન ગોઠવવાનું રહેશે.

(૪)સદર અભિયાનને સફળ બનાવવા વનવિભાગના નેજા હેઠળ જીવદયા, સેવાભાવી સંસ્થાઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ કે ચેરીટેબલ ટ્રસ્ટનો સહયોગ થકી સુચારૂ ઢબે સંકલન સાધીને જિલ્લાની તમામ પશુસારવાર સંસ્થાઓ ખાતે સારવાર માટેની જરૂરી તમામ ઇમરજન્સી દવાઓ-સાધનો ઉપલબ્ધ રાખવા જણાવવામાં આવે છે. પશુસારવાર સંસ્થા ખાતે આ અભિયાનમા જોડાવવા હેતુ જીવદયા, સેવાભાવી સંસ્થાઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ કે ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સહકાર માંગે તો સંપૂર્ણ સહકાર-સહયોગ આપવાનો રહેશે.

(૫) આ અભિયાન દરમ્યાન પશુ સારવાર સંસ્થાઓ ખાતે ઉપલબ્ધ દવાઓનો ઉપયોગ કરવાનો રહેશે. આ સિવાય ખાસ કિસ્સામાં ખાસ દવાઓની જરુરીયાત થાય તો જિલ્લા પંચાયત સ્વભંડોળ, સ્વૈચ્છિક સંસ્થાઓ વગેરેનો સહયોગ મેળવવાનો રહેશે. તેમ છતાં વધારે જરુર જણાય તો ઇમરજન્સી વેટરનરી સર્વીસ કીટ પુરી પાડવાની યોજના હેઠળ ગ્રાન્ટની માંગણી જરુરી જસ્ટીફીકેશન સાથે વિગતવાર દરખાસ્ત કરી કરવાની રહેશે.

(૬) અગ્ર મુખ્ય વન સંરક્ષક, વન વિભાગના સંદર્ભિતપત્રથી કરુણા અભિયાન ૨૦૧૯ માટે જિલ્લા કક્ષાએ નોડલ અધિકારી તરીકે નાયબ વન સંરક્ષકને જાહેર કરેલ છે જેનો સંપર્ક કરી તમામ કામગીરી કરવાની રહેશે.

(૭) ઉત્તરાયણ પર્વ નિમિત્તે પતંગની દોરીને કારણે ઘાયલ થતાં પશુપક્ષીઓને સારવાર સંસ્થા ખાતે લાવવા, સારવાર પુરી પાડવા અને ચોક્કસ પ્રકારનું નિદાન/ઓપરેશન/સારવાર અંગે તમામ પશુચિકિત્સા અધિકારીને વધુ વિગતવાર તાંત્રિક જાણકારી મળી રહે તેવા હેતુથી નીચે જણાવેલ ત્રણ વિષયો અંગેના પાવરપોઇન્ટ પ્રેઝન્ટેશન આપને ઇ-મેઇલથી મોકલી આપવામાં આવે છે. આ તમામ પ્રેઝન્ટેશન આપના જીલ્લામાં જાન્યુઆરી માસમાં યોજાનાર માસિક મીટીંગમાં રજુ કરી તે અંગેની જાણકારી તમામ વેટનરીયન્સને આપવા આથી જણાવવામાં આવે છે. જીલ્લાની